ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ટોળકીએ રૂ.૮૦થી ૯૦ લાખનું ફુલેકુ ફેરવ્યું





**ગૌણ સેવા પસંદગી મંડળના નામે ૨૬૦ જેટલા ઉમેદવારોને નોકરી અપાવવાના બહાને તેમની પાસેથી અંદાજીત રૂ.૨૦ હજાર થી રૂ.૨.૫૦ લાખ જેટલી રકમ પડાવી ટોળકીએ લાખોનું ફુલેકુ ફેરવ્યું છે. જયારે ઉમેદવારો મોટાભાગના દક્ષિણ ગુજરાતના હોવાનું ધ્યાને આવ્યું છે**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરની મોંઘીદાટ હોટલોમાં ડે. કલેકટર અને રેવન્યું અધિકારીના નામે રોકાઈને તાલીમ આપવાના બહાને બેરોજગાર ઉમેદવારોને બોલાવી સરકારી નોકરી અપાવવાના બહાને લાખો રૂપીયાની છેતરપિંડી આચરનાર ગેંગને ઈન્ફોસીટી પોલીસે પકડી પાડી છે. ગૌણ સેવા પસંદગી મંડળના નામે ઠગાઈ કરનાર ગેંગની મુખ્ય સુત્રધાર મહિલા છે. જયારે પરિક્ષા પાસ કરાવવા રૂ.૨૦ હજાર થી રૂ.૨.૫૦ લાખ રૂપીયા ઉમેદવારો પાસેથી ખંખેરતા હતા. જયારે અંદાજીત ૨૬૦ જેટલા બેરોજગાર યુવકો પાસેથી આ ટોળકીએ રૂ.૮૦થી રૂ.૯૦ લાખનું કૌંભાડ કર્યાનું ધ્યાને આવ્યું છે. આ ઠગ ટોળકી પાસેથી પોલીસે ઓળખપત્રો, સીલ, સિક્કા, લેપટોપ, મોમેન્ટો, મોબાઈલ અને કાર મળી કુલ રૂ.૨.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી મહિલા સહિત પાંચ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા અને ડીવાયએસપી એમ.કે.રાણાના માર્ગદર્શન હેઠળ પોલીસ મથક વિસ્તારમાં હોટલ-ગેસ્ટહાઉસમાં બહારથી આવીને રોકાયેલા શખ્સો પર વોચ રાખી કોઈ ગુનાહિત જણાય તો કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપી હતી. જેને પગલે ઈન્ફોસીટી પીઆઈ પી.પી.વાઘેલાને બાતમી મળી હતી કે સરગાસણ ચોકડી પાસે આવેલ પ્રમુખ ટ્રાન્ઝેન્ટ કોમ્પ્લેક્ષમાં પમાં મજલે આવેલી હોટલ સ્લીપ ઈનમાં ડે.કલેકટર વલસાડ અને રેવન્યુ અધિકારીની ખોટી ઓળખ ધારણ કરી બેરોજગાર યુવક-યુવતિઓને નોકરી આપવાની લાલચ આપી તાલિમ માટે રૂપીયા ઉઘરાવતી ટોળકી રોકાયેલી છે. જેથી પોલીસે સ્લીપઈન હોટલ ખાતે રેઈડ પાડીને હોટલના રૂમ નં.૫૦૧ માં ડેપ્યુટી કલેકટર રેવન્યુ વલસાડ હેત્વી.એસ.પટેલ તેમજ ડેપ્યુટી કલેકટર રેવન્યુ વલસાડ નિરજકુમાર.આર.ગરાસીયા રોકાયા હોવાની નોંધ રજીસ્ટરમાં હતી. પોલીસે હેત્વી સંજયભાઈ પટેલ (રહે.કોઠાર ફળીયુ વાસીયા તળાવ ગામ, તા. વાસદા જી.નવસારી), અને નિરજકુમાર રમેશભાઈ ગરાસીયા રહે. ફુલવાડી ગામ શુકલા ફળીયુ, તા.મહુવા, જી.સુરત) તેમજ તેમની સાથે અન્ય બે શખ્સ રૂમ નં.૫૦૨ માં રોકાયેલા હોવાની જાણ થતા તેમની પણ પોલીસે પુછતાછ કરીને અસલી ઓળખપત્ર માંગતા તેઓ પોતાની પાસે નથી, અને ઘરે ભુલી ગયા છે. તેમ કહીને ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. જેથી પોલીસે કડકાઈથી પુછતા કૃણાલ શૈલેન્દ્રકુમાર મહેતા (રહે.૨૮ જમનાબાગ અબરામા હોલ સામે તા.જી.વલસાડ), બંસીલાલ ચીમનલાલ પટેલ (રહે.ફલદ્રા ગામ પાખરીયા વડ તા.જી.વલસાડ) હોવાનું જણાવ્યું હતું. જયારે કૃણાલ મહેતા અને બંસીલાલ પટેલ ખોટા હોદ્દા ધારણ કરનાર ડે.કલેકટર હેત્વી પટેલ અને નિરજકુમાર ગરાસીયા વલસાડના પટ્ટાવાળા તરીકે કામ કરતા કરતા હતા. જેથી પોલીસે જે રૂમમાં રોકાયા હતા તે રૂમમાં જઈ તપાસ કરતા તેમાંથી ચાર વ્યકિતના ડે.કલેકટર, આરોગ્ય અધિકારી તેમજ મામલતદાર અને ભોગ બનનાર ઉમેદવારોના વિવિધ હોદ્દા ધરાવતા ખોટા ઓળખકાર્ડ તથા સરકારી બનાવટી સીલ-સિક્કા,વિવિધ રજીસ્ટ્રરો, લેપટોપ, મોબાઈલો, મોમેન્ટો મળી આવ્યા હતા. પોલીસે ઠગ ટોળકીના મહિલા સહિત પાંચ વ્યકિતની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરની ઝેરોક્ષ દુકાનમાં બોગસ લેટરપેડ અને બાંહેધરી પત્રકો છપાયા

હોટલના રૂમમાંથી ટોળકીના સભ્યો પાસેથી ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગરના બોગસ બનાવટી લેટરપેડ તેમજ ઉમેદવારોના બાંહેધરી પત્રકોના કોમ્પ્યુટરરાઈઝ છાપેલા સાહિત્ય મળી આવ્યું હતું. આ તમામ ઓળખ પત્રો તેમજ રજીસ્ટ્રરો તેમજ સાહિત્ય રાજ ઝેરોક્ષના માલિક પ્રણવ નટવરભાઈ પટેલ (રહે.સેકટર-૩ ડી પ્લોટ નં.૧૦૨૭-૨) ની મદદથી તૈયાર કરાયા હતા.

# જિલ્લામાં કોરોનાના ૧૧ કેસ ૭ શહેરમાં, ૪ ગ્રામ્યમાં નોંધાયા

**દહેગામમાં બે, ગાંધીનગર-કલોલમાં એક-એક કેસ નોંધાયો : રાયસણમાં બે કેસ સહિત શહેરમાં વધુ ૭ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૧૧ કેસ નોંધાયા છે. શહેરમાં ૭ અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૪ કેસ મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ચાર કેસ નોંધાયા છે. જેમાં એક મહિલા દર્દી અને બે ખેડૂતનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા ચારેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. દહેગામમાં બે, ગાંધીનગર-કલોલમાં ૧-૧ કેસ મળી આવેલ છે.

દહેગામમાં કોદરલી અને પાસુન્દ્રા ગામેથી એક-એક કેસ મળી આવેલ છે. આ બન્ને ખેડૂત દર્દીઓ છે.

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામેથી ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી પણ આજે એક કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૯૪૫૩ લોકો અત્યાર સુધીમાં સાજા થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૭૭ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. અને ૯૧૪ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે સાત નવા કેસ કોરોનાના મળી આવ્યા છે. એક નવ વર્ષની દિકરી પણ સંક્રમિત થયેલ મળી આવેલ છે.

શહેરમાં આજે સે. ૪, બોરીજ, કુડાસણ, પેથાપુર, ઝુંડાલમાંથી એક-એક અને રાયસણમાંથી બે કેસ મળી આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૯૫ ટકાએ પહોંચ્યો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# અન્ડરપાસ ઉપર પાર્કની પેટર્ન મુજબ ગાર્ડન વિકસાવાનુ કામ શરૂ

ગાંધીનગર તા ૮

શહેરના હાર્દ સમા વિસ્તારમાં અન્ડર પાસનુ નિર્માણ કરાયુ છે. જયારે અન્ડર પાસમાં વરસાદી દિવસો દરમિયાન વરસાદી પાણી ન ભરાય તે માટે હાલ સ્ટોર્મ વોટર લાઈનનુ કામ પણ આખરી તબક્કામાં છે. આગામી ચોમાસા પુર્વે આ કામગીરી પુર્ણ કરી દેવાશે જેથી વરસાદમાં અન્ડર પાસમાં પાણી ભરાશે નહી તેમ પણ તંત્રએ જણાંવ્યુ છે જયારે અન્ડર પાસની ઉપરની બાજુ સ્વર્ણિમ પાર્કના નિર્માણ માટે માટીકામ પણ ચાલુ કરી દેવાયુ છે. ટુંકમાં માટીકામના અંતે હરિયાળી લોનનુ પણ કામ હાથ ધરાશે.

શહેરમાં અન્ડર પાસના નિર્માણનુ કામ પુર્ણ થયા બાદ વરસાદી વાવાઝોડના અંતે અન્ડર પાસમાં પાણી ભરાઈ ગયા હતા જયારે પ્રથમ વરસાદમાં જ અન્ડર પાસ ધોવાઈ ગયો હોય તેવી સ્થિતિ થઈ હતી જેના અંતે તંત્ર દ્વારા અન્ડર પાસમાં પાણી ન ભરાય તે માટે વરસાદી પાણીના નિકાલની લાઈનનુ બાકી કામ હાલ ઝડપથી પુર્ણ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. અન્ડર પાસને અનુલક્ષી એકબાજુ સર્વિસ રોડનુ કામ પણ ચાલી રહ્યુ છે. જયારે અન્ડર પાસના સર્વિસ રોડના એક લેયરનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. આગળનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે વરસાદી દિવસો પુર્વે સર્વિસ રોડનુ કામ પુર્ણ થાય તેમ નથી પરંતુ સ્ટોર્મ વોટર લાઈનનુ કામ પુર્ણ કરી દેવાશે જેથી ચોમાસા દરમિયાન અન્ડર પાસમાં પાણી ભરાવાની સમસ્યાને નિવારી શકાય. અન્ડર પાસ આમ નાગરિકો માટે ખુલ્લો મુકાયો હોય તેને હજુ માંડ બે મહીના જેટલો સમય થયો છે. ત્યારે હાલ આ બ્રિજના રીપેરીંગ માટે અન્ડર પાસ પર વાહનોની અવરજવર પણ વન વે કરી દેવામાં આવી હતી. જયારે વન વે અવરજવરના લીધે અન્ડર પાસ નજીક ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. બીજીતરફ ગ-૪ થી ચ-૪ સુધી સળંગ બગીચાનુ નિર્માણ કરવા માટે અન્ડર પાસની યોજના અન્વયે બ્રિજની ઉપરની બાજુએ બગીચો બનાવવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. અન્ડર પાસની ઉપર હાલ માટી કામ ચાલી રહ્યુ છે. ત્યારબાદ હરિયાળી લોનનુ કામ પણ હાથ ધરાશે. આ ઉપરાંત સ્વર્ણિમ પાર્કની પેટર્ન જળવાઈ રહે તે મુજબ જ બગીચાને નિખારવામાં આવશે.

# મા-કાર્ડની મુદત ૩૧મી જુલાઈ સુધી લંબાવાનો નિર્ણય

ગાંધીનગર, તા.૮

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, કોરોનાની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈને રાજ્યની કચેરીઓ બંધ રહેતી હોઈ, આવકના દાખલા કઢાવવાની મુશ્કેલી ધ્યાને લઈ, નાગરિકોને આરોગ્યલક્ષી સારવાર માટે સહાય રૂપ થવા માટે મા-કાર્ડની મુદત આગામી ૩૧ મી જુલાઈ, ૨૦૨૧ સુધી લંબાવવાનો આરોગ્ય વિભાગે મહત્વનો નિર્ણય કર્યો છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી એ ઉમેર્યુ કે, જે નાગરિકોના મા-કાર્ડની મુદત તા.૩૧.૦૩.૨૦૨૧ ના રોજ પુરી થઈ છે. તેવા નાગરિકો માટે હાલની કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તથા આવકના દાખલા કઢાવવાની સાંપ્રત મુશ્કેલી ધ્યાને લઈ, મા-કાર્ડની મુદત વધુ ત્રણ મહિના એટલે કે, તા.૩૦.૦૬.૨૦૨૧ સુધી લંબાવવામાં આવી હતી. કોરોનાની હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને રાખી આ મુદત ૩૧ મી જુલાઈ, ૨૦૨૧ સુધી લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેની રાજયના સર્વે નાગરિકોને નોધ લેવા વિનંતી છે.

# સગીરાની શારિરીક છેડછાડ કરવાના કેસમાં આરોપીને ચાર વર્ષની કેદ

ગાંધીનગર તા ૮

દહેગામ તાલુકાના અંતોલી ગામમાં સગીરા સાથે શારિરીક છેડછાડ કરવાના ગુન્હામાં ગાંધીનગરની પોકસો કોર્ટે આરોપીને ચાર વર્ષની સજા અને ૧૦ હજાર રૂપિયાનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૧૨ જુલાઈ વર્ષ ૨૦૧૫ ના રોજ આરોપી રાજુ સોમા સોલંકીએ રખિયાલ ના અંતોલી ગામમાં ખુલ્લી જગ્યામાં શારિરીક છેડછાડ કરી હતી. આ દરમિયાન સગીરાના પિતા સ્થળ પર આવી જતા આરોપી સ્થળ પરથી નાસી ગયો હતો.ત્યારબાદ ભોગ બનનારને ઘરે લઈ ગયા હતા ત્યારે રખિયાલ પોલીસ સ્ટેશને ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.



શહેરમાં ઘ-૫ સ્થિત ખાણી પીણી બજારમાં લાંબા સમયથી ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો રોષનુ કારણ બની હતી. જયારે અનેક રજુઆતના અંતે આ વિસ્તારમાં ફુડકોર્ટને અનુલક્ષી ગટરોની સમસ્યાને ડામવા નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ફુડકોર્ટના વેપારીઓએ પણ આ મામલે અનેકવાર રજુઆત કરી હતી જયારે નવી લાઈનનુ કામ પુર્ણ થતા આ વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યાનો અંત આવશે

# આઈ.ટી.આઈ. અને નર્સિંગના વિદ્યાર્થીઓને આ વર્ષ માટે માસ પ્રમોશન અપાશે

**મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં આ મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા**

ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રીશ્રીએ એવો પણ નિર્ણય કર્યો છે કે રાજયમાં નર્સિંગના અભ્યાસક્રમમાં ફાઈનલ ઈયરની પરિક્ષા લેવાશે તે સિવાયના વર્ષના નર્સિંગના વિદ્યાર્થીઓને આ વર્ષ પૂરતુ માસ પ્રમોશન અપાશે.

પ્રવર્તમાન કોરોનાની સ્થિતિમાં વિદ્યાર્થીઓના અભ્યાસને વ્યાપક અસર પહોંચી છે તે સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી એ આ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં નર્સિંગ ફાઈનલ ઈયર સિવાયના વર્ષના નર્સિંગના વિદ્યાર્થીઓને અને આઈ.ટી.આઈ.ના વિદ્યાર્થીઓને આ એક વર્ષ માટે માસ પ્રમોશન આપવાની જાહેરાત કરી છે.

કોર કમિટીની આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઉર્જામંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કે.કેલાસનાથન, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ સહિત વરિષ્ઠ સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

દુઃખદ અવસાન

સ્વ. દિલીપભાઈ નરસિંહભાઈ પટેલ
અમારા પરમ પૂજ્ય પિતાશ્રી
સ્વ. દિલીપભાઈ નરસિંહભાઈ પટેલ તા. ૭-૬-૨૦૨૧ને સોમવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.
વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બેસણું તથા લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.
સદ્‌ગતના આત્મા માટે ઘરે જ શાંતિ પ્રાર્થના કરવા વિનંતી
જાગૃતિ દિલીપભાઈ પટેલ (નિવૃત્ત અધિક્ષક, લેબર કમિશનરની કચેરી, ગાંધીનગર)
કુ. ડો. ખુશાલી દિલીપભાઈ પટેલ ઈ.એન.ટી. (સોલા સિવિલ)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com